તંત્રીશ્રીની કલમે

મહારાષ્ટ્રમાં હિન્દુત્વના વિષય લઈ આગળ વધતા રાજ ઠાકરે

છેલ્લા કેટલાક મહિનાઓથી મસ્જિદોના લાઉડ સ્પીકરનો મુદ્દો દેશભરમાં છવાયેલો છે. આ મુદ્દો રાજ ઠાકરેએ ઉઠાવ્યો છે. શિવસેના મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકારનું નેતૃત્વ કરી રહી હોવાથી તે કોઈ એક પક્ષ સાથે ઉભી રહી શકે તેમ નથી. બંધારણે 'સરકાર'ને બિનસાંપ્રદાયિક રહેવાની ચેતવણી આપી છે. બીજી તરફ રાજકારણે વિચારધારા સાથે સમાધાન કરવા પર લગામ મૂકી છે. જો શિવસેના ખુલ્લેઆમ પોતાના જૂના વિચાર પર પાછી ફરશે તો ક્રોંગ્રેસ અને દ્રઝ તેને આપેલો ટેકો પાછો ખેંચી લેશે. જેથી ખૂબ મહેનત બાદ બનાવેલી સરકાર પડી ભાંગશે. એટલે હવે રાજ ઠાકરે આ પરિસ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવવાની તૈયારીમાં છે. પોતાની ક્વાયતના ભાગરૂપે રાજ ઠાકરેએ ૧ મેના રોજ ઔરંગાબાદમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું. તેમાં તેમણે ચેતવણીના સ્વરે કહ્યું, અત્યારે નહીં, ક્યારેય નહીં. ૩ મે સુધીમાં તમામ લાઉડ સ્પીકરો દૂર કરવા આવશ્યક છે. રમઝાન, ઈદ પછી તરત જ નહીંતર, ૪ મે પછી હું કોઈની વાત નહીં સાંભળું. મસ્જિદોની બહાર, બધા હિન્દુઓ બમણા વોલ્યુમમાં હનુમાન ચાલીસા વગાડશે. જો સરકાર મારી ચેતવણીને હળવાશથી લેશે અને ૩ મે સુધીમાં તમામ જગ્યાએથી લાઉડ સ્પીકરો દૂર નહીં કરે તો તે પછી જે પરિણામ આવશે તેની જવાબદારી મારી નહીં હોય. રાજ ઠાકરેએ વધુમાં કહ્યું હતું કે, હું ઇચ્છું છું કે, તમામ ધાર્મિક સ્થળોએથી લાઉડસ્પીકર દૂર કરવામાં આવે. પણ તેનો પ્રારંભ મસ્જિદોથી થવો જોઈએ. લાઉડસ્પીકરનો મુદ્દો કોઈ ધર્મ સાથે સંબંધિત નથી. આ સામાજિક મુદ્દો છે. પરંતુ જો તેને ધર્મ સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવશે તો હિંદુઓ પણ ધાર્મિક આધારે જ તેનો જવાબ આપશે. રાજ ઠાકરે ૫ જૂને અયોધ્યા જવાની તૈયારી પણ કરી રહ્યા છે. ત્યાં તેઓ જન્મભૂમિ સંકુલમાં રામલલ્લાના દર્શન કરશે.આ વાત હિન્દુત્વના વિચારની નહીં, હિન્દુત્વના પ્રચારની છે. એમાં પણ હિન્દુત્વનો સૌથી મોટો પ્રચારક કોણ છે તે વાત મુખ્ય છે. મહારાષ્ટ્રમાં થોડા સમય પહેલા સુધી શિવસેના આ મુદ્દો લઈ ચાલતી હતી. જોકે, તેણે નેશનલ ક્રોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસની સાથે મળીને રાજ્યમાં સરકાર બનાવ્યા બાદ હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના આ બાબતે સક્રિય રહેવાના પ્રયત્નો કરે છે. હવે મનસેના વડા રાજ ઠાકરને પણ પોતાનો ધ્યેય પૂરો કરવાની તક મળી છે.

કોરોનાના એક્સ-ઈ વેરિએન્ટથી ડરવાની જરૂર નથી બધુ ઠીક છે : વૈજ્ઞાનિકો

નવીદિલ્હી, મહારાષ્ટ્ર અને ગુજરાતથી ૨ અપ્રુષ્ટ કેસ સામે આવ્યાં બાદ, ઓમિક્રોન સબ-વેરિએન્ટ એક્ષ-ઈનાં દેશનાં પહેલાં કેસની પુષ્ટિ ભારતીય જીછઈજી-ઝ્રંર જીનોમિક્સ સીક્વેન્સિંગ કંસોર્ટિયમ દ્વારા કરવામાં આવી છે. જે સરકાર દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય પરીક્ષણ પ્રયોગશાળાઓનું એક નેટવર્ક છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે, હજુ સુધી આ વાતનો કોઈ પૂરાવો નથી કે એક્ષ-ઈ સબ-વેરિએન્ટનું સંક્રમણ અન્ય ઓમિક્રોન સબ વેરિએન્ટને કારણે થતું સંક્રમણથી અલગ છે. પરંતુ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં એક્ષ-ઈ વેરિએન્ટ ચેપના ૨ અપ્રમાણિત કેસોમાંથી, અધિકારીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાંથી નમૂના નવા પેટા પ્રકારનો નથી. આઈ.એન.એસ.એ.સી.ઓ.જીના સામાહિક બુલેટિનમાં એક્ષ-ઈ વેરિએન્ટની પુષ્ટિ એવા સમયે આવી છે જ્યારે ૧૨ રાજ્યોમાં કોવિડના કેસમાં વધારો થયો છે, જેના કારણે માસ્ક ફરજિયાત છે. દરમિયાન, ૨૫ એપ્રિલ સુધીના સરકારી ડેટા અનુસાર, અન્ય ૧૯ રાજ્યોમાં કોરોના વાયરસના ચેપના કેસમાં ઘટાડો થયો છે. આઈ.એન.એસ.એ.સી.ઓ.જી બુલેટિન જણાવે છે કે "દ્વૈષ્ઠિ (મ૭.૨) એ ભારતમાં કોરોના વાયરસનું અત્યાર સુધીનું સૌથી પ્રખ્યાત સ્વરૂપ છે. એક્ષ-ઈ વેરિઅન્ટ એ "રિકોમ્બિનન્ટ" છે. આનો અર્થ એ છે કે તેમાં મ૭.૧ તેમજ દ્વૈષ્ઠિ ના મ૭.૨ વેરિઅન્ટમાં જોવા મળતા મ્યુટેશનનો સમાવેશ થાય છે, અને જાન્યુઆરીમાં પ્રથમ વખત યુકેમાં મળી આવ્યો હતો. આનુવંશિક પરિવર્તન એ વાયરસ અને અન્ય સજીવોમાં સામાન્ય ઘટના છે. પરંતુ આ આનુવંશિક પરિવર્તનનો માત્ર એક નાનકડો અંશ વાયરસની ચેપ લગાડવાની અથવા ગંભીર બીમારીઓ પેદા કરવાની ક્ષમતામાં નોંધપાત્ર ફેરફાર કરે છે.

ભરૂચમાં બે સ્થળેથી વિદેશી દારૂના જથ્થા સાથે ૩ બુટલેગરો ઝડપાયા

ભરૂચ, ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ તે માત્ર સરકારી ચોપડે જ જોવા મળે છે ગુજરાતમાં રોજબરોજ ક્યાંકને ક્યાંક દારૂનો જથ્થો મળતો જ રહે છે તેવામાં ભરૂચ પોલીસે બે અલગ-અલગ સ્થળોએથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ બુટલેગરોને ઝડપી પાડ્યા હતા. ભરૂચ શહેરના દાંડિયાબજાર લોઢવાડા ટેકરા વિસ્તારમાં રહેતો બુટલેગર અભિષેક ભરત ઠક્કાર દાંડિયાબજાર શાક માર્કેટના પાછળના ભારે ખાંચામાં વિદેશી દારૂનું વેચાણ કરે છે જેવી બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ૧૮૮ નંગ બોટલ મળી કુલ ૨૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બુટલેગરને ઝડપી પાડ્યો હતો. ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, બે ઈસમ મોપેડ પર વિદેશી દારૂ લઈ દુરજીથી બરકતવાડ તરફ જવાના છે જેવી બાતમીના આધારે પોલીસે બરકતવાળ પીપરી ગલી પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી વાળા શખ્સો આવતા પોલીસે તેમોને અટકાવી તપાસ કરતા તેઓ પાસેથી વિદેશી દારૂની ૩૮ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૧૮ હજારનો દારૂ અને ૫૦ હજારની મોપેડ તેમજ ફોન મળી કુલ ૭૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને દુરજી રોડ નાળેથેરી બજારમાં રહેતો બુટલેગર મોહંમદ સિદ્દીક ગુલામ કસમ શેખ અને મોહંમદ સાહિલ ગુલામ અહેમદ પટેલ શેખને ઝડપી પાડ્યો હતો.

વરરાજા અને દુલ્હન લગ્ન બાદ દોડતા જતાનો વિડીયો વાયરલ થયો

નવીદિલ્હી, હાલ વૈશાખના વાયરા વચ્ચે લગ્નગાળો પણ પૂરજોશમાં ચાલુ છે. ક્રાળઝાળ ગરમી વચ્ચે ભલે રેબઝેબ પણ લોકો લગ્નની મજા માણતા જોવા મળે છે. આવામાં સોશિયલ મીડિયા પણ લગ્ન સમારોહના અનેક વીડિયો વાયરલ થાય છે. આવો જ એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. દુલ્હા દુલ્હનનો આ વીડિયો એકદમ હટકે છે. કારણ કે સામાન્ય રીતે લગ્ન સમારોહમાં આવું ક્યારેય જોવા મળતું નથી. સોશિયલ મીડિયાના અનેક પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં લગ્ન બાદ દુલ્હા અને દુલ્હન લગ્ન જોડામાં જ ભાગતા જોવા મળી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો આરકે ખાન નામના એક યૂઝરે શેર કર્યો છે. તેણે શેર કર્યા બાદ વીડિયો તેજીથી વાયરલ થઈ ગયો. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે દુલ્હા દુલ્હન સાથે અન્ય કેટલાક લોકો પણ જાણે રેસ લગાવતા હોય તેમ દોડી રહ્યા છે. વીડિયો જોઈને એવું લાગી રહ્યું છે કે દુલ્હા અને દુલ્હન કોઈ વાહન પાછળ ભાગી રહ્યા છે. જે તેમને કદાચ છોડીને જતું રહ્યું. લોકોને આ વીડિયો ખુબ પસંદ પડી રહ્યો છે.

આજનું રાશિફળ

મેષ- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શકવા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શકવા છે. તમારે તમારા કાબૂલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવી જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે. વ્યાપાર તથા શિક્ષણ કેટલાંક માટે લાભદાયક પુરવાર થશે. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે.

વૃષભ - મજા માટેની દ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શકવા છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ રહશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે. તમે જો નવી વ્યાપારી ભાગીદારી વિશે વિચારી રહ્યા હો - તો તમે કશુંક નક્કર પગલું લો એ પૂર્વે તમામ માહિતી તમારા હાથમાં હોય અ જરૂરી છે. આજે તમે તમારો મોટાભાગ નો સમય ઘરે સૂઈ ને વિતાવી શકો છો. સાંજે તમને લાગશે કે તમે કેટલો ઈંમતી સમય બગાડ્યો છે.

મિથુન - સુસ્તુમ પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ વધારી શકવા. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મુડ બગાડી મૂકશે. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે. આજે આખો દિવસ તમારો મિજાજ સારો રહેશે. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા, તેઓને આજે પોતાના માટે મફત સમય મળી શકે છે.

કર્ક - એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. તમે લોકપ્રિય હશો તથા સામી જ્રાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. સહ-કર્મચારીઓની તથા વરિષ્ઠોનો સંપૂર્ણ સહકારને કારણે ઓફિસમાં કામ ગતિ પકડશે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો. કામમાં તમે જે સખત મહેનત કરી રહ્યા છો એનું વળતર તમને આજે મળશે.

સિંહ - કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. ઘરનું કામ થકાવનારું હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે. તમે આજે તમારા મનપસંદ કાર્યો કરવા નું મન બનાવશો, પરંતુ કાર્ય ની વિપુલતા ને કારણે તમે તે કરી શકશો નહીં. ઘણા લાંબા સમયથી કામનું દબાણ તમારા લગ્નજીવન પર વિપરિત અસર કરી રહ્યું હતું. પણ આજે, તમામ ફરિયાદો ગાયબ થઈ જશે.

કન્યા - લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ. તમને તેમની પરવા છે એવી લાગણી તેમને અનુભવવા દો. કેટલાક માટે લગ્નની શરણાઈના સુર સંભળાય છે તો કેટલાકને રોમા? મળવાથી તેમનો જુસ્સો વધશે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો. જે લોકો ના પરિવારજનો ની ફરિયાદ છે કે તેઓ પરિવાર ને પૂરતો સમય નથી આપતા, તેઓ આજે પરિવાર ના સભ્યો ને સમય આપવા નું વિચારી શકે છે, પરંતુ અંતિમ ક્ષણે કેટલાક કામ ના આગમન ને કારણે આવું થશે નહીં.

તુલા - શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થવી શકે છે. તમારી જીભ પર કાબુ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ. તમને તેમની પરવા છે એવી લાગણી તેમને અનુભવવા દો. રોમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે પણ તે લાંબું નહીં ટકે. સાવચેતીપૂર્વક વાચ્યા વિના કોઈ બિઝનેસ અથવા કાનૂની દસ્તાવેજ પર સહી કરતા નહીં.

વૃશ્ચિક - સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. કોઈ મોટી ખિઝનેસ ડીલ પાર પાડી રહ્યા હો ત્યારે તમારી લાગણીઓ પર અંકુશ રાખો. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે કે તમે તમારો કિંમતી સમય નો બગાડ કર્યો છે. લગ્ન બાદ, પાપ પુજા બની જાય છે અને તમે આજે ઘણી પુજા કરશો.

ધન - માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે. આજે ઉચ્ચતમ દેખાવ અને ઉચ્ચતમ લોકોને મળવાનો દિવસ છે. તમારે જે સંબંધો ને મહત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પડશે, નહીં તો સંબંધ તુટી શકે છે.

મકર - મજા માટેની દ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. આજે કુટુંબ માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો. રોમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. તમારા જીવનસાથી આજ તમને વખાણશે, તમારા વિશે સારી વાત કરશે અને તમારા પ્રેમમાં નવેસરથી પડશે.

કુંભ - તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મુડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તમા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે. બહેનથી દૂર થવાના વિચારમાત્રથી તમને દુઃખની લાગણી થવાની શક્યતા છે. તમારે ભવિષ્યની ચિંતા વિના વર્તતમાનને માણવાની જરૂર છે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે. કામના સ્થળે આજે કોઈ તમારી યોજનાઓમાં ખંગાણ પાડવાનો પ્રયાસ કરશે-આથી તમારી આસપાસ શું થાય છે તેના પર ચાંપતી નજર રાખજો.

મીન - આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પારિવારિક સમસ્યાનોને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ કેમ કે એકવાર આ બાબત ઉકેલાઈ જશે પછી-વરના મોરચે જીવન એકદમ સરળ થઈ જશ અને તમે તેમના પર અસર પાડવામાં સફળ થશો. એકાએક થયેલો રોમેન્ટક મેળાપ તમને મુંઝવી નાખશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે. પણ માતા-પિતા તરફથી આ બાબતે તમારે મોટા વિરોધનો સામનો કરવા પડશે. તમારી રમુજવૃત્તિ તમારી મહામૂલી મૂડી સાબિત થશે. કામમાં પરિસ્થિતિ તમારી તરફેણમાં હોય એવું જણાય છે.

સ્પાઈસ જેટનું પ્લેન તોફાનમાં ફસાયેલ ત્યારના અંદરના વિડીયો વાયરલ થયા



દુર્ગાપુર, રવિવાર, ૧ મેના રોજ, સ્પાઈસજેટની બોઈંગ ૭૩૭ મુંબઈ-દુર્ગાપુર ફ્લાઈટ દુર્ગાપુર એરપોર્ટ પર ઉતરતી વખતે વાતાવરણમાં ગંભીર વિક્ષેપનો સામનો કરી હતી. તે દરમિયાન ફ્લાઈટમાં ઘણા લોકો હાજર હતા. અહેવાલો અનુસાર, ઓછામાં ઓછા ૧૨ મુસાફરો અને ૩ ફ્લાઈટ એટેન્ડન્ટ ઘાયલ થયા હતા જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ક્રૂછઇ એ પણ તપાસના આદેશ આપ્યા હતા. આ અકસ્માત સાથે જોડાયેલો સૌથી ચોંકાવનારો પહેલો તેનો વીડિયો છે જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ફ્લાઈટની અંદર ચૂટ કરાયેલા આ વીડિયોમાં લોકો ડરેલા જોવા મળી રહ્યા છે. આ સાથે મુસાફરોનો સામાન અને ખાવા-પીવાની અન્ય વસ્તુઓ જમીન પર પડી રહી છે. આ સિવાય ઓક્સિજન માસ્ક પણ બહાર લટકેલા છે. એટલું જ નહીં, ફ્લાઈટનો ઉપરનો ભાગ પણ તૂટી ગયો છે અને બહાર એક લાઈટ પણ લટકતી જોવા મળી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે પાયલટોની બુદ્ધિમત્તાના કારણે મુસાફરોથી ભરેલા પ્લેનને યોગ્ય રીતે તોફાનમાંથી બહાર કાઢવામાં આવ્યું. સ્પાઈસજેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે જ્યારે વિમાન દુર્ગાપુર ઉતર્યું ત્યારે તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી. તેમણે કહ્યું "સ્પાઈસજેટ આ દુર્ઘાગ્યપૂર્ણ ઘટના બદલ ખેદ વ્યક્ત કરે છે અને ઘાયલોને તમામ શક્ય તબીબી સહાય પૂરી પાડી રહી છે." સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વિડીયો પર લોકો પોતાનો પ્રતિભાવ પણ આપી રહ્યા છે. આ અકસ્માતની ભયાનકતા તો દરેક જણ કહી રહ્યા છે, પરંતુ મોટી દુર્ઘટના ટળી હોવાનો લોકોને સંતોષ છે. ટીએમસી પાર્ટીના ધારાસભ્ય બાબુલ સુપ્રિયોએ પણ આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે.ઉડતા પ્લેન સાથે નાનો અકસ્માત પણ મુસાફરો પર ગંભીર અસર કરી શકે છે. તાજેતરમાં સ્પાઈસ જેટ કંપનીનું પ્લેન લેન્ડિંગ વખતે ટર્બુલન્સમાં ફસાઈ ગયું ત્યારે પણ આવું જ બન્યું હતું. આ ફ્લાઈટને લગતો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં મુસાફરો પોતાનો જીવ હથેળી પર લઈ બેઠેલા જોવા મળી રહ્યો છે. ફ્લાઈટની અંદરની ધમાલ જોઈને સમજી શકાય છે કે જ્યારે લોકો ફ્લાઈટની અંદર હતા ત્યારે તેમના મનમાં કેવા વિચારો આવતા હશે.

મે મહિનામાં ગરમીમાંથી દેશવાસીઓને રાહત મળી શકશે

નવીદિલ્હી, હીટવેવથી કંટાળેલાં લોકો માટે મે મહિનાનાં શરૂઆતનાં દિવસો રાહત લઈને આવ્યાં છે. ગત બે ત્રણ અઠવાડિયાથી દેશમાં હીટવેવ ચાલુ છે. હાલમાં હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી થોડા દિવસો સુધી ગરમીનાં પ્રકોપથી શાંતિ મળશે. પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને ઉત્તરી રાજસ્થાનમાં ઘણાં વિસ્તારમાં ભારે હવા ફુંકાશે. કેટલીક જગ્યાએ વરસાદ પડવાનાં પણ અણસાર છે.

પશ્ચિમી વિક્ષોભને કારણે યૂપી, રાજસ્થાનમાં કેટલીક જગ્યાએ ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ભારે હવા ફુંકાઇ શકે છે. આવું વાતાવરણ આગામી ત્રણ દિવસ સુધી રહી શકે છે. ભારતીય હવામાન ખાતાએ જણાવ્યું કે, યૂપી અને રાજસ્થાનમાં એક પશ્ચિમી વિક્ષોભ સોમવારથી સક્રિય થયો છે. જેની અસર આગામી કેટલાંક દિવસો સુધી રહેશે. આ કારણે ધૂળ ભરેલી હવા ચાલશે. ક્વાંક ક્વાંક ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ભારે હવા ચાલી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં ભારે હવા અને વરસાદનાં અણસાર છે. મંગળવાર અને બુધવારે કેટલીક જગ્યાએ હિમવર્ષા પણ થઇ શકે છે. આગામી થોડા દિવસોમાં ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતના મહત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહેશે. ભારતીય હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાંથી આવતા દક્ષિણ-પશ્ચિમ પવનોની અસર પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારત પર થઇવાત છે. જેના કારણે પૂર્વોત્તર રાજ્યો, સબ-હિમાલયન બંગાળ, સિક્કિમમાં આગામી ૫ દિવસ સુધી સારો વરસાદ અને જોરદાર પવન જોવા મળશે.

ATVT હેઠળ રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાને સૌથી વધુ કુલ રૂ.૨,૨૨૫ લાખની ગ્રાન્ટ ફાળવાઈ

અમદાવાદ, રાજ્યના છેવાડાના નાગરિકોને ગ્રામ્ય વિસ્તારમાં પાયાગત સુવિધા ઉપલબ્ધ કરાવવા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો"- છ્છ્ર યોજના હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં વિકાસ કામો માટે કુલ રૂ.૪૪૯૫૦ લાખની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. તેમ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવમાં જણાવાયું છે. આયોજન વિકેન્દ્રીકરણમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં તાલુકાને વિકાસનું એકમ ગણી "ક્રૈઝ્રેઇ ઝીર્ઇંઇ છ્ઇંઇ૪૨" અપનાવી વર્ષ:૨૦૧૦-૧૧થી તાલુકામાં આવેલ તમામ ગામોની સંખ્યા ધ્યાનમાં લઈ તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ: ૨૦૧૧-૧૨થી તાલુકા સરકારનો અભિગમ અપનાવીને સમગ્ર રાજ્યમાં છેવાડા લોકોનું જીવન ધોરણ સુધારવા તથા તેમની મૂળભૂત જરૂરીયાતો જેવી કે પીવાના પાણીની યોજના, ગ્રામ્ય આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા તથા ધન કચરાનો નિકાલ જેવા પાયાગત મૂળભૂત પ્રશ્નો હલ કરવા માટે નાણા ફાળવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં તાલુકા સેન્ટ્રીક એપ્રોચ અનુસાર રાજ્યના દરેક જિલ્લાઓમાં છ્છ્ર યોજના હેઠળ તાલુકાવાર મળવા પાત્ર ગ્રાન્ટ અને પ્રાંત અધિકારીને તાલુકાવાર મળવાપાત્ર ગ્રાન્ટમાં બનાસકાંઠા જિલ્લા માટે સૌથી વધુ કુલ રૂ. ૨૨૨૫ લાખ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકા માટે કુલ રૂ.૧૨૫૦ લાખની ગ્રાન્ટ, અમરેલી માટે રૂ. ૧૧૨૫ લાખ, કચ્છ માટે રૂ. ૧૫૫૦ લાખ, ખેડા માટે રૂ. ૧૩૭૫ લાખ, ગાંધીનગર માટે રૂ. ૫૭૫ લાખ, જામનગર માટે રૂ. ૮૭૫ લાખ, દેવ ભૂમિ દ્વારકા માટે રૂ. ૫૭૫ લાખ, જુનાગઢ માટે રૂ. ૧૨૭૫ લાખ, ગીર સોમનાથ માટે રૂ. ૮૨૫ લાખ, ઝંગ માટે રૂ. ૫૨૫ લાખ, પંચમહાલ માટે રૂ. ૧૧૦૦ લાખ અને મહીસાગર જિલ્લા માટે રૂ. ૯૫૦ લાખ ફાળવવામાં આવ્યા છે. જ્યારે ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકા માટે રૂ. ૧૩૭૫ લાખની ગ્રાન્ટ, ભાવનગર માટે રૂ. ૧૪૫૦ લાખ, બોટાદ માટે રૂ. ૫૫૦ લાખ, મહેસાણા માટે રૂ. ૧૪૫૦ લાખ, રાજકોટ માટે રૂ. ૧૫૨૫ લાખ, મોરબી માટે રૂ. ૭૦૦ લાખ, વડોદરા માટે રૂ. ૧૨૦૦ લાખ, વલસાડ માટે રૂ. ૧૦૫૦ લાખ, છોટાઉદેપુર માટે રૂ. ૧૦૫૦ લાખ, અરવલ્લી માટે રૂ.૮૨૫ લાખ, સાબરકાંઠા માટે રૂ. ૧૨૫૦ લાખ, અરવલ્લી માટે રૂ.૧૦૨૫ લાખ, સુરત માટે રૂ.૧૩૫૦ લાખ, સુરેન્દ્રનગર માટે રૂ. ૧૪૦૦ લાખ, પાટણ માટે રૂ. ૧૩૦૦ લાખ, દાહોદ માટે રૂ. ૧૩૨૫ લાખ, આણંદ માટે રૂ. ૧૦૭૫ લાખ, નવસારી માટે રૂ. ૮૭૫ લાખ, પોરબંદર માટે રૂ. ૪૦૦ લાખ, નર્મદા માટે રૂ. ૮૫૦ લાખ તેમજ તાપી જિલ્લાના વિવિધ તાલુકા માટે કુલ રૂ. ૧૦૨૫